જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૯/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૩૩૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૭૯ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૩૩૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૩૩/૧૪**

**નારણપુરા :** નારણપુરા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીની માતાએ તા.૧૩/૯/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી ત્રણ મહિના પહેલા થી તા.૦૬/૦૯/૧૪ ના કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળામાં હિરાલાલ બબાજી ઓડ (ઉ.વ.૪૫) એ તરૂણીને શારીરીક અડપલાં કરી, તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.જે.પટેલ ચલાવે છે.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૩૩૪/૧૪**

**ગાયકવાડ હવેલી :** મીસ્બા યાસીનભાઇ બીયાવરવાલા (ઉ.વ.૧૫)(રહે.તાઇવાડા કજીનાધાબા આસ્ટોડીયા ચકલા) ને તા.૧૧/૯/૧૪ સવારનાં ૦૭/૦૦ થી ૧૨/૩૦ વાગ્યાનાં સમયગાળા દરમ્યાન ઘર નજીકથી આરોપી આસીફ નઇમખાન પઠાણ (રહે.રઉફભાઇના કારખાનામાં, દાણીલીમડા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મીસ્બાબહેનનાં પિતા યાસીનભાઇ બીયાવરવાલા એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.આઇ.સિસોદીયા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૩૩૫/૧૪**

**મણીનગર :** બંશીલાલ ધુળજીભાઇ પટેલ (રહે.નારણપાર્ક, બિલેશ્વર બંગ્લોઝની પાછળ, બોપલ) એ તા.૧૩/૯/૧૪ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની સોની સેન્ટર (રમેશ કોર્પોરેશન) નામની ભાગીદારી પેઢીમાં નોકરી કરતો આરોપી હાર્દીકભાઇ રાજેન્દ્રભાઇ (રહે.તિરૂપતિ બંગ્લોઝ, ગાલા જીમખાના રોડ, બોપલ) એ કંપનીનો માલ વેચી તે પેટે મળેલ કુલ નાણાં રૂપિયા ૫૧,૬૩,૯૮૫/- પોતાના અંગત ઉપયોગ પેટે ખર્ચી નાંખી બંશીલાલ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ગઢવી ચલાવે છે.

**<u>ખોટી ઓળખ આપી બળજબરીથી કાર લઇ જવા બાબત.:</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૬/૧૪</u>**

**શાહીબાગ :** બાબુભાઈ શાહરભાઈ દેસાઈ (રહે, ગામ જુલાસણ તા કડી જી મહેસાણા) તા.૧૩/૯/૧૪ સાંજનાં ૬/૪૫ વાગ્યાના સુમારે સિવિલ હોસ્પીટલ ટ્રોમા સેંટર સામે આવેલ કાર પાર્કીંગમાં પોતાની સ્વિફ્ટ મારૂતી કાર નંબર જીજે ૧ કે.ક્યુ.૪૫૭૩ કિંમત રૂપીયા ૩,૨૫,૦૦૦/- પાર્ક કરતાં હતા દરમ્યાન એક અજાણ્યા ઈસમ (ઉ.વ.૩૫ ના આશરાનો) (જેના કોઈ નામ ઠામ જાણવા મળેલ નથી) એ બાબુભાઇ પાસેથી બળજબરીથી ગાડીની ચાવી લઇ, "ગાડી જોઇતી હોય તો ક્રાઇમબ્રાન્ચની ઓફીસે આવી લઇ જજો" તેમ કહી ગાડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ બાબુભાઇ દેસાઇએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૭/૧૪</u>**

**અમરાઇવાડી :** પિંટુભાઇ વિજયભાઇ (રહે, નાથાલાલ પાર્ક સોસાયટી, બલોલનગર ચાર રસ્તા, રાણીપ) એ તા.૧૨/૯/૧૪ રાતનાં ૯/૦૦ વાગ્યાનાં સુમારે રબારી કોલોની રામજીભાઇની ચાલી પાસે પોતાની મહીન્દ્રા બોલેરો જીપ નંબર જીજે.૧.ડી.યુ.૨૬૩૦ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૯/૧૪ સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી.આ અંગેની ફરીયાદ પિંટુભાઇએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.ચાવડા ચલાવે છે.

**ચાંદખેડા :** પિયુષ છનાભાઇ મકવાણા (રહે.શુભલક્ષ્મીનગર, ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) એ તા.૧૩/૯/૧૪ રાતનાં ૧૨/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક પોતાની મહિન્દ્રા જીપ નંબર જીજે.૧.આર.ઇ.૦૮૩૮ કિંમત રૂપિયા ૪,૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પિયુષ મકવાણાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.પટેલ ચલાવે છે.

**સરખેજ :** મહંમદશા ગુલાબશા દિવાન (રહે.રૉયલ હોટલની પાછળ, રાજીવનગર સરખેજ) એ તા.૧૩/૯/૧૪ બપોરનાં ૧૨/૩૦ વાગે સરખેજ શેરઅલી બાવાની દરગાહ પાસે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.વી.૨૭૪૬ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ મહંમદશા દિવાને સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહંમદહનીફ મુસ્તુફામીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.